Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# પ્રાચીન ભારતમાં સ્ત્રી શિક્ષણ

ચૌધરી સોનલ એલ.
[ M.Phil., Ph.D., GSet ] આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી, અમદાવાદ

❖ **સારાંશ:-**

પ્રાચીન યુગથી માંડી અત્યાર સુધી નારીનું સ્થાન બદલાતું રહ્યું છે અને આ બદલાતા દરજ્જા સાથે સ્ત્રીના શિક્ષણની અવસ્થા પણ બદલાતી રહી છે. સમાજમાં નારીની ભૂમિકા ક્યારેક શિક્ષિકા, વિદ્યાર્થીની, પશુપાલક, વિદૃષી, કૃષક-સહાયક, સામગ્રીની (શાસક), શિલ્પકાર, દાસી વગેરે રૂપમાં તે જોવા મળે છે. માનવ સત્તાના વિકાસક્રમની વિપરીત વિશ્વની લગભગ સમગ્ર સભ્યતાઓની અપેક્ષાએ હિંદુ સભ્યતામાં જેટલાજ પ્રાચીન યુગમાં આપને જઈએ છીએ, નારીનું સ્થાન એટલું જ મહત્વપૂર્ણ દષ્ટ્રીગત થાય છે.

પ્રાચીન ભારતમાં વૈદિક યુગમાં સ્ત્રીઓને ઉચ્ચ સામાજિક સ્થાન હતું. ઉપનયન સંસ્કાર જે વેદોના વિધ્યાભ્યાસના પ્રારંભનો સંસ્કાર હતો તેના પર હક છોકરાઓ જેટલો જ છોકરીઓને પણ હતો. પરંતુ વખત જતાં સ્ત્રીઓ માટે શિક્ષણમાં અસમાન તકની પરિસ્થિતિ સર્જાઈ અને સાર્વત્રિક શિક્ષણ સ્ત્રીઓમાંથી ભુસાતું ચાલ્યું. સ્ત્રીઓમાં લગ્નની વય ઓછી થતી ગઈ, બાળલગ્નની પ્રથા વ્યાપક બનતી ગઈ, વિધવા માટે ફરજિયાત વૈધવ્ય પાલન, સ્ત્રી સતી પ્રથા, મુસ્લિમ યુગમાં સર્જાયેલી પડદાની પ્રથા વગેરે સામાજિક ઘટનાઓને લીધે સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઘટતું જ ગયું. અઢારમી સદીના અંતે સ્ત્રીનું સ્થાન ઘરની ચાર દીવાલો પુરતું માર્યાદિત થઇ ગયું. તેને માટે કેળવણીનું મહત્વ પણ સમાજમાં ઓછું થઇ ગયું. પ્રાચીન ભારતીય સાહિત્યીક અને પુરાતાત્વીય સ્ત્રોત નારી શિક્ષાના પ્રમાણોથી પરિપૂર્ણ છે. એનાથી જાણવા મળે છે કે મધ્ય અને વર્તમાન કાળની અપેક્ષાએ પ્રાચીન ભારતના પ્રારંભિક યુગમાં નારીઓની શિક્ષા સંબંધી સ્થિતિ ઘણી ઉચ્ચ હતી.આ સંશોધન લેખ દ્વારા પ્રાચીન ભારતમાં સ્ત્રી અલગ અલગ તબક્કામાં કેવા પ્રકારનું શિક્ષણ મેળવતી તે વિષે વાત કરેલી છે. આ ઉપરાંત પ્રાચીન ભારતમાં નારી શિક્ષણની વાતને સિદ્ધ કરતા પ્રાચીન ભારતીય સાહિત્યીક અને પુરાતાત્વીય સ્ત્રોતનો અહી આધાર લેવામાં આવ્યો છે.

**ચાવી રૂપ શબ્દો** :- ચરમોત્કર્ષ, બ્રહ્મચર્ય, સમાવર્તન સંસ્કાર, સધોવધુ ,બ્રહ્મવાદીની, વિદૃષી , કાશકૃત્સના, ઉપાધ્યાયા, રજોગુણયુક્ત, પ્રાચાર્યા

**પ્રાચીન કાળના પ્રારંભિક તબક્કામાં નારીનું શિક્ષણ (પ્રથમ તબક્કો) :-**

સભ્યતાના પ્રારંભિક ચરણમાં જ નારીની સ્થિતિ ચરમોત્કર્ષ પર હતી. વૈદિકકાલીન સમાજમાં નારીઓની સ્થિતિની માહિતી વૈદિક સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો ઉપરાંત ઉપનીષદોમાંથી મળે છે. પુત્રોની જેમ જ પુત્રીઓ પણ ઉપનયન, શિક્ષા-દીક્ષા વગેરેની અધિકારી હતી. 'ઋગ્વેદ' માં માતા-પિતાના વૃક્ષ:સ્થલ પર ઊંઘેલી અબોધ કન્યા એમના પુત્રી પ્રેમને પ્રદર્શિત કરે છે.

પ્રાચીન ભારતમાં ઘણા લાંબા સમય સુધી શિક્ષણ એટલે વૈદિક શિક્ષણ એમ હતું, જે લિંગભેદની ગણતરી કર્યા સિવાય આપવામાં આવતું. જે કોઈ વૈદિક યજ્ઞમાં ભાગ લે તે બધાને શિક્ષણ આવશ્યક રીતે આપવાનું હતું. વૈદિકયુગમાં બ્રહ્મચર્યનું અને શિષ્ટાચારનું અનુપાલન કરવાનું છોકરાઓની જેમ છોકરીઓ માટે પણ જરૂરી હતું. કેમકે કન્યાઓના પણ ઉપનયન સંસ્કાર થતા હતા. ઉપનયન સંસ્કાર પછી છોકરીઓને પણ છોકરાઓની માફક શિષ્ટાચારનું પાલન કરવું પડતું. ઉપનયન સંસ્કાર થયા પછી સ્ત્રી શિક્ષણ મેળવી શક્તિ. બીજી શતાબ્દી ઈ.સ. પૂર્વેમાંની જાણકારી મળે છે કે કન્યાઓ ૧૬ વર્ષ સુધી અવિવાહિત રહી શકતી અને ૧૬ વર્ષની ઉંમર સુધી સ્ત્રી શિક્ષા ગ્રહણ કરી શકતી. અથર્વવેદમાં કહેલું છે કે કોઈ કન્યા ઉચિત ઢંગથી શિક્ષા પ્રાપ્ત કરી લે તો એને વિવાહ માટે અનુકૂળ માનવામાં આવતી. ગૃહસુત્રોમાં બાલિકાઓના ઉપનયનના પ્રતિક રૂપમાં અગ્નોપવિત ધારણ કરવાની વાત કરવામાં આવી છે. સમાવર્તન સંસ્કારની વિધિ-વિધાનના પ્રસંગમાં જ્યાં ત્રણ વર્ગોના લોકોને ઉલટન લગાવવાની વાત કરવામાં આવી છે, ત્યાં જ સ્ત્રીને પણ ગર્ભસ્થાન પર ઉલટન લેપ કરવાનો નિર્દેશ મળે છે. સમાવર્તન સંસ્કાર હંમેશા વેદાધ્યનની સમાપ્તિની પછી જ સંપન્ન થતું હતું. હારિત દ્વારા આપવામાં આવેલી વ્યવસ્થામાં માસિક ધર્મ શરૂ થવાના પહેલા જ સ્ત્રીઓનું સમાવર્તન થઇ જવું જોઈએ. એ સ્પષ્ટ છે કે બાળકીઓ (બ્રહ્મવાદીની) નું ઉપનયન ગર્ભાધાનના આઠમા વર્ષમાં સમ્પન્ન થતું હતું. વેદાધ્યનતા પછી એમનું છાત્રા-જીવન, યુવાન થવાના પહેલા જ સમાપ્ત થઇ જતું.

અથર્વવેદમાં સ્પષ્ટ ઉલેખ્ખ છે કે, કુમારીઓ બ્રહ્મચર્ય પાળતી અને ઈ.સ. પૂર્વે ૫માં સૈકાના સુત્રગ્રંથો આ બાબતમાં રસપ્રદ વિગતો પૂરી પાડે છે.

વિદ્યાર્થીનીના બે પ્રકાર હતા. (૧) સધોવધુ, (૨) બ્રહ્મવાદિની.

સધોવધુનું શિક્ષણ ચાલુ પ્રાઁથના અને યજ્ઞ માટે જરૂરી અગત્યના વૈદિક સુત્રો પૂરતું હતું. સંગીત અને નૃત્યુ પણ તેમને શીખવતા. આ કળા તરફના સ્ત્રીઓના પક્ષપાતના ઉલેખ્ખો વૈદિક સાહિત્યમાં ઘણીવાર મળે છે. અહીં સ્ત્રીઓ ગૃહસ્થ જીવનમાં ગયા પછી રોજે પ્રાત:કાળ અને સંધ્યાકાલ પ્રાર્થના કરતી અને હોમ-હવનમાં પોતાના પતિ સાથે બેસી વૈદિક સુત્રોનું ઉચ્ચારણ

કરતી. વળી ઘણાં યજ્ઞ સ્ત્રી જાતે પતિની અનુપસ્થિતીમાં એકલાએ કરવાના રહેતા. આથી સ્ત્રીઓએ આ પ્રકારનું શિક્ષણ મેળવવું અનિવાર્ય હતું.

બ્રહ્મવાદિનીઓ તેમનું ભણતર પૂરું થઇ જાય પછી પરણતી. કુશધ્વજ વેધ્વતી જેવી ઘણી સ્ત્રીઓ તદ્દન પરણતી જ નહીં. આમ, બ્રહ્મવાદિની છાત્રાઓ મોટાભાગે આજીવન જ્ઞાનાર્જનમાં લાગેલી રહેતી અને આજીવન બ્રહ્મચર્ય વ્રતનું અનુપાલન કરતી હતી. આ નારીઓ વેદાધ્યયન, કાવ્ય રચના, ત્યાગ-તપસ્યા, નિતીશાસ્ત્ર, ધર્મ અને દર્શનશાસ્ત્ર દ્વારા ઋષિકાનું પદ પ્રાપ્ત કર્યું હતું. ઋગ્વેદના ૨૪ અને અથર્વવેદમાં ૫ વૈદિક વિદૂષીઓના ઉલેખ્ખ છે. ઋગ્વેદમાં એમના ૪૨૨ મંત્ર છે. એમના નામ આ પ્રકારે છે. સુર્યાસાવિત્રી (૪૭ મંત્ર), ઘોષા કાક્ષીવતી (૨૮ મંત્ર), સિક્તા નિવાવારી (૨૦ મંત્ર), ઈંદ્રાણી (૧૭ મંત્ર), યમી વૈવસ્વતી (૧૧ મંત્ર), દક્ષિણા પ્રજાપાત્યા (૧૧ મંત્ર), અદિતી (૧૦ મંત્ર), વાક આમ્ભૃણી (૮ મંત્ર), અપાલા આત્રેયી (૭ મંત્ર), જુહુ બ્રહ્મમયો (૭ મંત્રો), અંગસ્ત્ય સ્વસા (૬ મંત્ર), વિશ્વવારા આત્રેયી (૬ મંત્ર), ઉવર્વી (૬ મંત્ર), સરમા દેવશુની (૬ મંત્ર), દેવજામયઃ ઇન્દ્રમાતરઃ (૫ મંત્ર), શ્રદ્ધા કામાયની (૫ મંત્ર), નંદી (૪ મંત્ર), સર્પરાજ્ઞી (૩ મંત્ર), ગોધા (૨૨ મંત્ર), શશ્વતી આંગિરસી (૨૩ મંત્ર), વાસુકપત્ની (૨૪ મંત્ર), રોમશા બ્રહ્મવાદિની (૫ મંત્ર), અથર્વવેદમાં એમના નામ આ પ્રકારે છે. સૂર્ય સાવિત્રી (૧૩૯ મંત્ર), માતૃનામા (૪૦ મંત્ર), ઈંદ્રાણી (૧૧ મંત્ર), દેવજામયઃ (૫ મંત્ર) તથા સર્પરાજ્ઞી (૩ મંત્ર).

આમ, સાધારણ સાહિત્યિક અને સાંસ્કૃતિક શિક્ષણ લેતી સ્ત્રીઓની સંખ્યા ઘણી મોટી હશે. જે વૈદિક સાહિત્ય પર પ્રભુત્વ ધરાવતી અને કાવ્યોની રચના કરતી. બ્રહ્મવાદિની મહિલાઓ શિક્ષાના ઉંચા પ્રતિમાન સ્થાપિત કરતી હતી અને ચોથી શતાબ્દી ઈ.સ. પૂર્વે દર્શનશાસ્ત્ર તરફ પણ મહિલાઓ વધુ આકર્ષિત હતી. વેદોના અધ્યનની સાથે-સાથે ઘણી બધી મહિલાઓ પૂર્વે મીમાંસા પણ વિશેષ રૂપથી અધ્યન કરતી હતી, જેમાં કર્મકાંડથી માંડી દાર્શનિક વિવાદ હતા. આમ, તો દર્શનનો આ વિષય ઘણો અઘરો અને રસહીન છે. જોવામાં આવે તો ગણિતથી પણ વધારે અઘરો વિષય હતો. છતાં પણ તાત્કાલિક મહિલાઓમાં આ વિષય માટે અભિરૂચિ હતી, ‘કાશકૃત્સન’ નામની બ્રહ્મજ્ઞાની મહિલાએ ‘કાશકૃત્સની’ નામે મીમાંસા દર્શનના એક ગ્રંથની રચના કરી અને જે સ્ત્રીઓ એમાં વિશિષ્ટીકરણ કરતી એમને ‘કાશકૃત્સના’ કહેવામાં આવતી. આજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રેયીને તત્વજ્ઞાનના ઊંડા પ્રશ્નોમાં રસ હતો. જેને સ્ત્રીઓને સાજ-શણગારમાંથી બહાર નીકળી આગળ વધવા કહ્યું હતું. બીજું ઉદાહરણ ઉચ્ચ કોટિની દાર્શનિક મહિલા ગાર્ગીનું છે. એક સમયે રાજા જનક તરફથી કરવામાં આવેલ અજ્ઞસત્રમાં જે તત્વજ્ઞાનનો વિવાદ યોજ્યો, તેમાં તત્વજ્ઞાનો સુક્ષ્મત્તમ પ્રશ્ન ગાર્ગીએ પૂછ્યો હતો. પ્રશ્ન એટલો બધો સુક્ષ્મ અને રહસ્યમય હતો કે યાજ્ઞવલ્ક્યે એનો જાહેરમાં જવાબ આપવાની ના પાડી. આમ, ગાર્ગી એક

ઉંચી કક્ષાની વિવાદ કરનારી અને તત્વજ્ઞાની સ્ત્રી હતી. ઉત્તર રામચરિત્રની 'અત્રેયી' પણ એક વિદ્યાર્થીની જ હતી, જે વાલ્મિકી અને અગત્સ્યની પાસે વેદાન્તનો અભ્યાસ કરતી હતી. માતા કુંતી અથર્વવેદની નિષ્ણાંત હતી.

આમ, સ્ત્રીઓ સૂત કાંતવું, વસ્ત્ર વણવા, લલિત કલા વગેરેમાં નિપૂણ હતી. ઉપરાંત નારીઓ વ્યવહારિક શિક્ષાના અંતર્ગત નૃત્ય, સંગીત, ચિત્રકલા વગેરેની શિક્ષા પ્રાપ્ત કરતી. કેટલીય શિક્ષિત નારીઓ શિક્ષણને પોતાની આજીવિકાનું સાધન બનાવી શિક્ષણમાં પોતાનું જીવન વ્યતીત કર્યું. આવી સ્ત્રીઓ ઉપાધ્યાયા કહેવાતી. આવી શિક્ષિકાની સમાજમાં સંખ્યા નાની ન હતી. ઠેઠ બારમા સૌકા સુધી ભારતમાં પડદાની પ્રથા નહોતી અને તેથી સ્ત્રીઓને શિક્ષણનો ધંધો લેવામાં મુશ્કેલી ન હતી.

❖ **પ્રારંભિક યુગના સ્ત્રી શિક્ષણમાં બૌદ્ધ ધર્મનો ફાળો:-**

બૌદ્ધ સ્ત્રીઓને મઠમાં પ્રવેશની મંજૂરી આપવાથી તેનાથી શ્રીમંત અને વ્યાપારી વર્ગોની સ્ત્રીઓના શિક્ષણના ફેલાવાને વેગ મળ્યો. ઘણી બૌદ્ધ મહિલાઓએ પોતાના પૂરા જીવન દરમ્યાન અવિવાહિત રહીને શિક્ષા માટે ખાસ કરીને ધર્મની સચ્ચાઈ અને દર્શનને સમજવા અને આચરવાના આશયથી બ્રહ્મચર્યજીવન ગાળ્યું. અશોકની પુત્રી સંઘમિત્રા જે બૌદ્ધ ધર્મના સિદ્ધાતનું પ્રસારણ કરવા લંકા ગઈ જે એનું ઉત્તમ ઉદાહરણ છે. થેરીગથાની લેખિકાઓ જેમને નિર્વાણ મળ્યું છે, એમ મનાતું કે તેમાંથી ૩૨ અપરિણીત અને ૧૮ પરણીત સ્ત્રીઓ હતી. અપરણિતમાં સુભા, અનોપમા અને સુમાધા ઘણા શ્રીમંત કુટુંબની હતી. અંગુતર નિકાયમાં અષ્ટશીલ ઉપસીકાઓની સૂચિમાં અનેક નામ મળે છે. જેવાકે બોન્ઝા, પદ્દમા, સુતના, મનુજા, ઉતરા, સોણા, સોણામાતા, વિશાખા, નીગરમતા, ખજ્જૂત્તારા, મુત્તા, ખેમા, રુચિ, બિમ્બા, તીસ્સા, તીસ્સામાતા, સુપ્પવાસા, કોલિયધીતા, સુપ્પિયા, નકુલમાતા વગેરે ભિક્ષુણીઓ દર્શનમાં પારંગત થતી હતી અને એના ગુઢ પ્રશ્નો પર સફળતાપૂર્વક સંવાદ કરતી હતી. અમરાવતીથી પ્રાપ્ત અભિલેખોમાં બૌદ્ધ ભિક્ષુણીઓ માટે ઉર્વજઝાયા (ઉપાધ્યાયા) અને ઉવજઝયિની (ઉપાધ્યાયિની) શબ્દોનો પ્રયોગ છે, જે એમાંથી કેટલાકના અધ્યાપિકાઓ હોવાનો પુરાવો છે. વિશ્વ ઇતિહાસમાં વિદેશ ધર્મપ્રચાર કરવાવાળી સ્ત્રીઓમાં પ્રથમ સ્થાન એક બૌદ્ધ ભિક્ષુણીનું જ છે. જૈન પરંપરા અનુસાર જયંતી જે રાજા સહસ્ત્રનિકા અને કોસામ્બીની પુત્રી હતી તથા અવિવાહીત હતી અને તેને ભગવાન મહાવીરથી શિક્ષા પ્રાપ્ત કરી હતી.

❖ **પ્રાચીન કાળના બીજા તબક્કામાં નારીનું શિક્ષણ (દ્વિતીય તબક્કો):-**

લગભગ ઈ.સ. પૂર્વે ૨૦૦ પછી ખાસ કરીને સ્ત્રીઓની ધાર્મિક કક્ષામાં અધ:પતન થયું. તેથી કરીને આ કાળમાં જે સ્ત્રી શિક્ષણને મોટો ધક્કો પહોંચ્યો. હવે છોકરીઓ માટે ઉપનયન સંસ્કારમાં ધીમે-ધીમે પ્રતિબંધ આવવા લાગ્યું. લગભગ ઈ.સ. પૂર્વે ૨૦૦માં રચાયેલી મનુસ્મૃતિ

એક ડગલું આગળ જઈને કહે છે કે છોકરીઓનું ઉપનયન વૈદિક મંત્ર બોલ્યા સિવાય જ કરવું, પણ તરત જ પછીના શ્લોકમાં કહ્યું છે કે કન્યાનો વિવાહ સંસ્કાર છોકરાના ઉપનયન સંસ્કાર જેવો જ છે. એટલે સ્પષ્ટ જ છે કે ખ્રિસ્તી સંવતના આરંભ કાળે કન્યાનું ઉપનયન, ઉપચાર તરીકે પણ બંધ પડવામાં હતું. એટલે યજ્ઞવલ્ક્ય (ઈ.સ. ૨૦૦) કન્યાનાં ઉપનયનનો પ્રતિબંધ કરવાનું વ્યાજબી પગલું લે છે અને તે પછીના બધા સ્મૃતિકરો એને અનુસરે છે, જોકે ઈ.સ.ના ૮ મા સૈકાના યમ જેવા કોઈક એમ કબુલ કરે છે કે કન્યાઓને ઉપનયન અને વૈદિક અભ્યાસના હક્કની આગળ છૂટ હતી.

પાછળ કાળમાં સ્ત્રીઓના વૈદિક શિક્ષણના પ્રતિબંધના કારણો વિશે એવું અનુમાન મુકવામાં આવ્યું છે કે વૈદિક સાહિત્ય ચોકસાઈથી વિગતે-વિગતે સ્મૃતિમાં રાખવું જોઈએ. વૈદિક અભ્યાસ પણ લાંબો થયો. તે ૨૪ વર્ષ પહેલા પુરો ન થઇ શકતો. જયારે સાધારણ રીતે સ્ત્રીના લગ્ન ૧૬ થી ૧૭ ની વયે થતાં. આમ, આટલો સમય આપીને તે સાંગોપાંગ ભણી શકતી નહી. ગરીબ કુટુંબોમાં ઘરકામની જરૂરતને લીધે ઉપનયન પછી વૈદિક અભ્યાસ માટે બહુ જ ઓછો સમય મળતો હતો. જેને કારણે પ્રસંગોમાં વૈદિક મંત્રોનું ઉચ્ચારણ તે સ્પષ્ટપણે તે કરી શકતી નહિ. વૈદિક મંત્રના પાઠમાં જરા જેટલી ભૂલનું પરિણામ સમગ્ર કુટુંબને આધ્યાત્મિક અનિષ્ઠ તરફ દોરતું. વળી આ કાળ સુધીમાં બોલાતી ભાષા વૈદિક ભાષાથી તદ્દન જુદી પડી ગઈ હતી. સ્ત્રીઓ સાધારણ સંસ્કૃત પણ બોલી શકતી નહિ માત્ર પ્રાકૃત કે પ્રાદેશિક ભાષા જ બોલાતી. જયારે વૈદિક મંત્રનું શિષ્ટ સંસ્કૃતમાં ઉચ્ચારણ કરવું પડતું અને લગ્નની વય પણ નીચી લાવવામાં આવી. આમ, આ બધા કારણોસર ઉપનયન બંધ કરવામાં આવ્યું.

આ કાળમાં સમાજમાં સમગ્રતય સ્ત્રી શિક્ષણને ઘણો ધક્કો પહોંચ્યો. તો પણ શ્રીમંત સંસ્કારી અને રાજાઓના કુટુંબમાં એના તરફ ધ્યાન આપવાનું ચાલુ રહ્યું હતું. આવા કુટુંબની છોકરીઓને વૈદિક સાહિત્ય જાણવાની છૂટ નહોતી, તો પણ તેમને ઘણું સારું સાહિત્યિક શિક્ષણ અપાતું. તેઓ સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથો વાંચી શકતી. ગૃહ વિજ્ઞાન અને રસોઈ કલામાં તેમજ સંગીત, નૃત્ય, ચિત્રકામ, માલા ગૂંથન અને ગૃહ સુશોભનની કલાઓમાં તેમને સારી તાલીમ અપાતી. પૃથ્વીરાજરાસોમાં રાજકુમારી સંયોગિતાની શિક્ષા વિશે જાણવા મળે છે. સંયોગિતાની સાથે રજોગુણયુક્ત એકસો દસ છાત્રોઓ પણ અધ્યયન કરતી. બારમી શતાબ્દીના અંતમાં ભાસ્કર દ્વિતીયે પોતાની પુત્રી લીલાવતીને ગણિતનું અધ્યયન કરાવવા માટે લીલાવતી ગ્રંથની રચના કરી. એનાથી સિધ્ધ થાય છે કે નારીઓ ગણિતમાં પણ રસ લેતી હતી. પુરાણોમાં નારી શિક્ષા ત્રણ પ્રકારે ઉલ્લેખવામાં આવી છે. (૧) વ્યવહારિક અને વ્યવસાયિક શિક્ષા (૨) આધ્યાત્મિક કે શાસ્ત્ર (લેખિત) શિક્ષા (3) રાજનીતિક અને શસ્ત્ર શિક્ષા.

**(૧) વ્યવહારિક અને વ્યવસાયિક શિક્ષા :-**

વ્યવહારિક કે વ્યવસાયિક શિક્ષામાં પાકશાસ્ત્ર, કઢાઈ-સિલાઈ, ઘરેલું કામ, રંગાટીકામ, માલા ગૂંથન, સુંગંધિત પદાર્થ નિર્માણ, પુસ્તકર્મ શિક્ષા, ચીકીત્સા વિજ્ઞાન, સંગીત, રાજનીતિક શિક્ષા અને લલિતકલામાં પારંગત આ સમયની સ્ત્રી સાધારણ શિક્ષાની સાથે-સાથે શિલ્પશાસ્ત્ર એમ ચોસઠ કલાઓની શિક્ષા પણ લેતી. જેમાં પ્રહેલીકાઓ પુસ્તક-વાંચન, કાવ્ય સમસ્યા પુરાણ, પિંગલ અલંકાર, છંદો અને નીઘન્ટુનું જ્ઞાન વગેરેનો પણ સમાવેશ થતો. 'અપાલા' કૃષિ કાર્યમાં પિતાને મદદ કરતી બતાવવામાં આવી છે. કન્યાઓ ગાય દોહવી અને દહીં તથા માખણ બનાવવાનું પણ જાણતી હતી. એટલે જ તે દુહિતા કહેવાઈ. કતાઈ, બુનાઈ અને સિલાઈની પણ શિક્ષા ગ્રહણ કરતી. સ્ત્રીઓ સાંસ્કૃતિક ક્ષેત્રમાં પણ નિપૂણ હતી. 'પ્રિયદર્શિકા' જેવા સંસ્કૃત નાટકની બધી જ નાયિકાઓ વિભિન્ન કલાઓમાં સીદ્ધહસ્ત હતી. ચૌહણ સાશક ગૂવકની બહેન કલાવતી ૬૪ કલાઓમાં પ્રવિણ હતી. ઘણી પ્રસુતિવિદ્યામાં વિશેષજ્ઞ થતી હશે. કેટલીક સ્ત્રી-વૈધોએ વૈદ્ય ઉપર આધારભૂત ગ્રંથો લખ્યા હતા. આઠમી શતાબ્દીમાં અરબી ભાષામાં અનુવાદ કરવામાં આવેલ પુસ્તક પ્રાપ્ત થયું છે. જેની લેખિકા રૂસા છે. આ કૃતિમાં ધાતુ-કર્મ પર પ્રકાસ નાખ્યો છે. એનાથી સ્પષ્ટ થાય છે કે નારીઓની રુચિ આર્યુવેદ ચિકિત્સામાં પણ હતી.

**(૨) આધ્યાત્મિક કે શાસ્ત્ર (લેખિત) શિક્ષા:-**

આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાવાળી વિદૂષીઓમાં બૃહસ્પતિ-ભગિની ભુવાના, અપર્ણા, એકપર્ણા, એક પાટલા, મેના, ધારિણી, સનંતિ, શતરૂપા વગેરે પ્રમુખ છે. આ બધી સ્ત્રીઓ આજીવન બ્રહ્મચારિણીના રૂપમાં શિક્ષા ગ્રહણ કરતી હતી. ભાગ્વત પુરાણમાં દાક્ષાયણની બે પુત્રીઓનો ઉલ્લેખ મળે છે. જે ધર્મ વિજ્ઞાન અને દર્શનમાં પ્રવિણ હતી. સાહિત્યના ક્ષેત્રમાં લેખિકાઓ અને કવિયત્રીનુ આ સમયમાં બહુમૂલ્ય દેન છે. 'ગાથાસપ્તશંતિ' માં રેવા, રોહા, માધવી, અનુલક્ષ્મી, પાહઈ, વધ્ધવહી, શશિપ્રભા વગેરે વિદૂષી કવિયિત્રીઓનો ઉલ્લેખ મળે છે. શિલા ભટ્ટારિકા શબ્દ અને અર્થની સરખી ગોઠવણી માટે અને પાંચાલી રીતિ માટે પ્રસિદ્ધ હતી. દેવી ગુજરાતની એક પ્રસિદ્ધ કવિયિત્રી હતી. વિદર્ભમાં વિજ્યાંકાની કીર્તિ કાલિદાસ પછી બીજે નંબરે હતી. શુભદ્રા, સીતા, મારુલા, ઇન્દ્રલેખા, ભવદેવી, વિકટનિતમ્બા નામે કેટલીક બીજી કવિયિત્રીઓ છે, જેના શ્લોકો પાછળના સંગ્રહોમાં ઉલ્લેખાયા છે. આ કાળની સ્ત્રીઓ વિવેચનમાં પણ રસ લેતી. રાજશેખરની પત્ની અવન્તિસુંદરી કવિ અને વિવેચક પણ હતી. શંકર અને મંડન મિશ્રના વિવાદમાં મંડનમિશ્રની શિક્ષિત પત્ની મધ્યસ્થિ તરીકે હતી. એ મીમાંસા, વેદાંત અને સાહિત્યમાં નિષ્ણાંત હશે.

**(3) રાજનીતિક અને શસ્ત્રશિક્ષા:-**

રાજકીય પરિવારની સ્ત્રીઓને પ્રાચીન કાળથી જ લશ્કરી અને પ્રશાસનિક (વહીવટીય) શિક્ષણ અપાતું હતું. પોતાના રાજ્ય વહીવટમાં સક્રિય ભાગ લેતી હોય એવી કેટલીય રાજમાતાઓ અને રાજપુત્રીઓ વિશે પ્રાચીન ભારતીય ઈતિહાસમાંથી માહિતી મળે છે. આંધ્રવંશની નયનિકા (લગભગ ૧૫૦ ઈ.સ. પૂર્વે) અને વાકાટક વંશની પ્રભાવતિ ગુપ્તા, પોતાના પુત્રની સગીર અવસ્થામાં વિશાળ રાજ્યોના વહીવટ ચલાવતી. પોતાના પતિના મૃત્યુ પછી મગધની રાણીએ મહાન એલેકઝાન્ડર સામે પોતાની રાજધાનીનો બચાવ કર્યો હતો. કાશ્મીરની સુગન્ધા અને દિદ્દાએ રાજમાતા તરીકે રાજ્ય કર્યું હતું. ચાલુક્ય વંશમાં મઈલાદેવી, અક્કાદેવી, કુંકમદેવી અને લક્ષ્મીદેવી જેવી કેટલીક રાણીઓએ અને સ્ત્રીઓએ નગર અને જનપદનાં સંચાલનમાં યોગ્ય ભૂમિકા ભજવી હતી. તેમને આયુધોના વપરાશમાં સારી તાલીમ અપાતી. તેઓ ઘોડેસવારી કરી શકતી અને તરી પણ શકતી. કુમારદેવીએ સામરસીની મૃત્યુના પશ્ચાત, સાશન વ્યવસ્થાની દોર સંભાળી કુત્તુબુદ્દીનના આક્રમણોથી રાજ્યની રક્ષા કરી હતી. આ પ્રકારે રાજપૂત યુગમાં પણ રાણીઓએ પોતાના સાહસ અને શૌર્યનો પરિચય આપ્યો. આમ, કહી શકાય કે સાધારણ ક્ષત્રીય પરિવારમાં સ્ત્રીઓને સાધારણ લશ્કરી અને વહીવટ શિક્ષણ આપવાની પરંપરા શરૂઆતથી જ હતી. તેથી જરૂર પડે ત્યારે તે સ્ત્રીઓ રાજ્ય વહીવટમાં ભાગ લઇ શકે.

- **દ્વિતીય તબક્કામાં બૌદ્ધ ધર્મ દ્વારા સ્ત્રી શિક્ષણ:-**

આગળના કાળમાં બૌદ્ધ ધર્મની પ્રવૃત્તિએ સ્ત્રી શિક્ષણને આડકતરી રીતે કેવું પ્રોત્સાહન આપ્યું હતું અને તેથી સંખ્યા બંધ સાધ્વી કવિયિત્રીઓ નીપજી હતી, તે આપણે જોયું છે. પણ આ કાળમાં કોઈપણ બૌદ્ધ સાધ્વી કવિયિત્રી મળતી નથી. ઈ.સ.ના ૪થા સૈકા સુધીમાં ભિક્ષુણીના મઠો બંધ થયા હતા. જેમાં પાંચમા અને આઠમા સૈકાના ચીની યાત્રીઓ તેનો જરા પણ ઉલ્લેખ કરતા નથી એટલે આ કાળમાં કરમાઈ જતુ હતું તે સ્ત્રી શિક્ષણને બૌધ્ધ ધર્મ તરફથી પણ કોઈ વેગ મળ્યો ન હતો..

- **નારીના શિક્ષણના મૂર્તિમંત તથ્યો:-**

સાહિત્ય તો નારી શિક્ષણના પ્રમાણેથી પરિપૂર્ણ છે. અભીલેખ નારી શિક્ષા પર પ્રકાશ નાખવામાં ભલે અસમર્થ હોય પરંતુ મૂર્તિકલામાં નારી શિક્ષિત હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે. ખજુરાહો તથા ભુવનેશ્વરની કલામાં સ્ત્રીઓને લેખનકાર્ય કરતા કે પુસ્તક લીધેલ બતાવવામાં આવી છે. એક સ્ત્રી કાગળનો એક ટુકડો લઇ એક પુરુષની સામે બેસી એની પાસેથી કંઇક સમજી રહી છે. પાર્શ્વનાથ મંદિરમાં અંકિત સ્ત્રી મૂર્તિના ડાબા હાથમાં કાગળ છે અને જમણા હાથ એના વૃક્ષ:સ્થલ પર રાખવામાં આવ્યો છે. એની મુખકૃતિથી લાગી રહ્યું છે કે તે વાંચીને ભયભીત છે અને એનું હૃદય ધડકી રહ્યું છે. પત્ર વાંચતી સ્ત્રીની મૂર્તિઓ કંદરિયા મહાદેવ મંદિર, વિશ્વનાથ

મંદિરમાં કંડારવામાં આવેલી છે. લક્ષ્મણ મંદિરની મૂર્તિમાં એક દર્શ્યમાં એક માતા પોતાના બાળકોને દીવાલ પર કંઇક લખીને સમજાવી રહી છે. આનાથી એક સ્ત્રી શિક્ષાની અનિવાર્યતા સિદ્ધ થાય છે અને બીજુ એ કે બાળકોના માટે ઘર જ પાઠશાળા છે એ યુક્તિ ચરિતાર્થ થાય છે. મહિલાઓ દ્વારા કરવામાં આવતાં અધ્યાપન કાર્યનું એક રોચક ઉદાહરણ કુબંજના એક સંસ્કૃત શિલાલેખથી મળે છે. આ અભીલેખમાં કુંબજ  રાજા જયવર્મન સાતમાની શિક્ષિત રાણી ઇન્દ્રદેવીનું વર્ણન છે જે એક આદર્શ પ્રાચાર્યા હતી. એમના વિશે એવું કહેવાય છે કે એ પ્રતિદિન રાજમહલના બૌદ્ધ અને જૈન મંદિરોની સ્ત્રીઓને શિક્ષા આપતી હતી.

❖ **સમાપન:-**

આમ, નારી શિક્ષણમાં જેમ પ્રાચીન કાળમાં પ્રારંભિક તબક્કામાં જઈએ એમ સ્ત્રીની સામાજિક સ્થિતિ અને શૈક્ષણિક સ્થિતિ ઘણી સારી હતી. પરંતુ જેમ સમય વીત્યો અને સામાજિક (અને ધાર્મિક) રૂઢીયુસ્તતા ઉભી થઇ તેમ ઉત્તરોતર સ્ત્રીના શિક્ષણમાં ઉતાર આવ્યો અને આની સૌથી વધારે અસર મધ્યમવર્ગ અને નિમ્નવર્ગની સ્ત્રીઓ પર પડી.

**સંદર્ભગ્રંથ**


૧. Altekar A.S., “EDUCATION IN ANCIENT INDIA” અનુ:માંકડ ડોલરરાય રંગલદાસ “પ્રાચીન ભારતમાં શિક્ષણ” (ભારત સરકાર પુરસ્કૃત), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ ગુજરાતી આવૃતિ, ૧૯૬૫.

૨. डॉ. सिंह किरण, “प्राचीन भारतीय शिक्षा व्यवस्था”, शिवांल प्रकाशन, दिल्ली, प्रथम संस्करण, २००९.

3. अग्रवाल जे.सी., “भारत में नारी शिक्षा”, विधा विहार प्रकाशक, नई दिल्ली, २००१.

૪. शक्ति, “भारत में नारी शिक्षा का विकास एवं विस्तार”, पुष्पा साहित्य केन्द्र, इलाहाबाद, प्रथम संस्करण, २०१३.

૫. संपादन, प्रतिभा जैन, संगीता शर्मा, “भारतीय स्त्री सांस्कृतिक संदर्भ”, रावत पब्लिकेशन्श, जयपुर, १९९८.

૬. डॉ. मिश्र उर्मिला प्रकाश, “प्राचीन भारत में नारी” मध्यप्रदेश हिन्दी ग्रंथ अकादमी , भोपाल, प्रथम संस्करण, १९८७.

૭. डॉ. पारीक आम्बिका, “प्राचीन भारत में नारी” अविष्कार पब्लिशर्स, जयपुर, प्रथम संस्करण, २००९.

૮. शरण दी.के., “नारी सशस्त्रिकरण का इतिहास”, क्लासिकल पब्लिशिंग कम्पनी, नई दिल्ली, प्रथम संस्करण, २०१२.